છેલ્લા આઠ વર્ષથી ખટોદરા પો.સ્ટે. મર્ડર કેસમાં નાસતો ફરતો આરોપીને ઝડપી પાડત એસ.ઓ.જી. ટીમ

તા.૨૧/૦૬/૨૦૧૭

સુરત શહેરના એસ.ઓ.જી.ના પોલીસ માણસો સાથે સુરત શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીને પકડી પાડવા સારૂ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે બાબુ ઉર્ફે બલ્લુ દહિયા જૈના ઉ.વ.૩૦ રહે. પંચશીલનગર-૨ ઝુપડપટ્ટી, નોડાપાલીયાની મેસમાં, બમરોલી રોડ, ખટોદરા, સુરત મુળ રહેવાસી ચંપેતપુરગામ થાના ભોયરાણી જી.ગંજામ (ઓડીસા) નાને પકડી પાડી ખટોદરા પો.સ્ટે. I ગુ.ર.નં.૨૦૪/૨૦૦૯ ઈ.પી.કો. કલમ ૩૦૨, ૧૧૪, ૧૮૮ વિ. મુજબના ગુનામાં નાસતો ફરતો હોવાની કબુલાત કરતા આરોપીને **CRPC** કલમ ૪૧(૧)આઈ મુજબ આજરોજ તા.૨૧/૦૬/૨૦૧૭ કલાક ૧૫/૦૦ વાગ્યે અટક કરીઆગળની કાર્યવાહી માટે ખટોદરા પો.સ્ટે.ને સોંપેલ છે.

સદર આરોપી છેલ્લા આઠ વર્ષ પોતાના વતન ઓડીસા રાજય તથા પશ્ચિમ બંગાળ રાજય, બિહાર રાજય તથા ચેન્નઈ શહેર તથા મુંબઈ શહેર વિગેરે સ્થળોએ સ્થાયી ન થઈ અલગ અલગ જગ્યાએ મજુરી કામ કરી નાસતો ફરતો હતો તે દરમ્યાન અત્રે છેલ્લા પંદરેક દિવસથી સુરત શહેરમાં પરત આવી ખટોદરા વિસ્તારમાં છુપાઈ રહેતો હતો ત્યારે વોચ ગોઠવી પકડી પાડેલ છે.